# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT NANDA DEVI

બીજું ભારતીય જહાજ “નંદાદેવી” અંદાજે 46 હજાર મૅટ્રિક ટન LPG ગેસનો જથ્થો લઈને રાજ્યના વાડીનાર બંદરે આવ્યું છે. કતારથી રવાના થયેલું આ જહાજ હોર્મુઝ સામુદ્રધુનીથી પસાર થઈને ભારત પહોંચ્યું છે. અમારાં સંવાદદાતા જણાવે છે કે, બંદર પર LPG ઉતારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગઈકાલે વધુ એક LPG લઈને આવેલું જહાજ શિવાલિક મુંદરા બંદરે પહોંચ્યું હતું. આ બંને જથ્થાથી દેશના ગેસ ભંડારમાં ઘણો વધારો થવાની શક્યતા છે. અધિકારીઓએ પણ ગેસ પૂરવઠામાં હાલ કોઈ અછત નહીં થાય તેવી આશા વ્યક્ત કરી છે.

આ ઉપરાંત સંયુક્ત આરબ અમિરાતથી ભારતીય ધ્વજવાળું જહાજ “જગ લાડકી” 81 હજાર ટન કાચું તેલ લઈને આજે મુંદરા બંદરે પહોંચશે.

# UNA SAJA

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સમઢીયાળા ગામે વર્ષ 2016માં બનેલા ચર્ચિત દલિત અત્યાચાર કેસમાં વેરાવળ સેશન્સ કોર્ટ દ્વારા પાંચ આરોપીઓને તમામ દોષિતોને એટ્રોસિટી એક્ટ હેઠળ 5 વર્ષની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત IPC કલમ 523 અને 524 હેઠળ 3 વર્ષની સજા તેમજ IPC કલમ 342 અને 504 હેઠળ 2 વર્ષની સજા સંભળાવવામાં આવી છે. સાથે જ દરેક આરોપીને રૂપિયા 5 હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. જ્યારે અન્ય 38 આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હોવાનું સરકારી વકિલ કેતનસિંહ વાળાએ કહ્યુ હતું..

( બાઈટ - કેતનસિંહ વાળા સરકારી વકીલ ગીર સોમનાથ જિલ્લા )

# UCC REPORT SUBMISSION

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ  આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં સોંપ્યો હતો.

આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઇને રાજ્ય સરકારને સોંપ્યો હતો. આ અહેવાલ લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરાયો છે..

મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ રજૂ  કરતાં સમિતિ દ્વારા જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. એટલુ જ નહીં ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે.

# VIDHANSBHA HEALTH CAMP

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે વિધાનસભા પરિસરમાં ધારાસભ્યો અને પત્રકારો માટે એલોપથી- આયુર્વેદિક- હોમિયોપેથીક મેડિકલ કેમ્પનો શુભારંભ કરાવ્યો.  આ પ્રસંગે તેમણે કહ્યું, બિમાર પડ્યા પછી નહીં, પરંતુ રોગના આગોતરા નિદાન માટે તબીબી તપાસ શિબિર જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું, તબીબી શિબિરના માધ્યમથી વહેલી તકે રોગનું નિદાન થવાથી માનસિક તણાવ પણ દૂર થાય છે.

બાઇટ : પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય રાજ્યમંત્રી

# URMRETH ELECTION CODE OFCONDUCT

ઉમરેઠ વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી આદર્શ આચાર સંહિતાનો ચૂસ્તપણે અમલ કરાશે તેમ  જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીએ જણાવ્યુ હતું..

ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉમરેઠ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પરમારના અવસાનને કારણે ખાલી પડેલ બેઠક પર પેટા ચૂંટણી જાહેરકરાઇ છે.. આ અંગે આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને આણંદ કલેકટર કચેરીના સભાખંડ ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી.

તેમણે મતદારોની વિગતો આપતા જણાવ્યું હતુ કે, ઉમરેઠ વિધાનસભામાં કુલ ૨,૪૨,૮૩૬ મતદારો નોંધાયેલા છે તે પૈકી ૧,૦૫,૯૯૦ પુરુષ મતદારો તેમજ ૧,૦૦,૯૦૯ મહિલા મતદારો નોંધાયા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, પેટા ચૂંટણી માટે કુલ ૩૦૬ મતદાન મથકો રાખવામાં આવ્યા છે. આ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શક અને વિશ્વસનીય મતદાન સુનિશ્ચિત થઈ શકે તેથી તમામ મતદાન મથકો પર ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન EVM અને VVPAT નો ઉપયોગ કરવામાં આવશે.

# WATER DISTRIBUTION

મહીસાગર જીલ્લા ના ખેડૂતો માટે આજે ડેમ માથી પાણી કેનાલ માં છોડવામાં આવશે જેના કારણે ઉનાળા માં પીવાના પાણી અને પશુ માટે ઘસચારા માટે પાણી આપવામાં આવશે સાંભળીએ અમારા મહીસાગરના પ્રતિનિધિ કૌશિક જોશીના અહેવાલ સાથે